જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી ૪૪ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૯,૮૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૨/૧૬

**વાડજઃ** ધવલ કાળુભાઈ પટેલ (ઉ.વ.૨૪) (રહે. સત્યનારાયણ સોસાયટી માધવ મોલની સામે ઠક્કરનગર રોડ બાપુનગર) તા.૨/૧૦/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી શાહપુરથી ઈન્કમટેક્ષ જતા ગાંધીબ્રીજ પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના ૨૨૦ સીસી પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધવલ પટેલના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધવલ પટેલે તા.૪/૧૦/૧૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી આર ગઢવી ચલાવે છે

**ચાંદખેડાઃ શ્યામ શહાજી કાલે (ઉ.વ.૨૮) (રહે. સરલ ૩૦ સોસાયટી સોમેશ્વર મંદિરની સામે મોટેરા ચાંદખેડા) એ તા.૪/૧૦/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૨૮/૯/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યા ના સુમારે ચાંદખેડા મોટેરા માધવ બંગ્લોઝ-૨ સામેથી શ્યામના માતા કેવલબહેન ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક યુનીકોન કંપનીના કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલા (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) બે પુરૂષ કેવલબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સ્કુટર સ્લીપ ખાઈ જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૩/૧૬</u>**

**પાલડીઃ** હેમંતભાઈ કમલકાંત શાહ (ઉ.વ.૬૪) (રહે. બેન્ક ઓફ ઈન્ડીયા નવા શારદા મંદિર રોડ વસંત કુંજ પાલડી) તા.૨/૧૦/૧૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે મોપેડ સ્કુટર ચલાવી હિરાબાગ રેલ્વે ક્રોસીંગ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક ઝાડ ઉપરથી વાંદરો ડાળ સાથે રોડ ઉપર પડતા બ્રેક મારતા સ્કુટર સ્લીપ થઈ જતા હેમંતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોપ ન્યુરો કેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૩/૧૦/૧૬ સાંજના ૬/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઈ વાલજીભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨૪/૧૬</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૧)** પુજાબહેન નારાયણગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૭) (રહે.સોહરાબજી કંપાઉન્ડ જુનાવાડજ) એ કોઈ કારણસર તા.૩/૧૦/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટના પશ્ચીમ કિનારે નહેરૂબ્રીજ પાસે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૨)** ચિરાગકુમાર દશરથભાઈ પટેલ (ઉ.વ.૨૪) (રહે. ગામ. પડુગામ, તા. વિસનગર, જિલ્લો-મહેસાણા) એ અંગત કારણસર તા.૪/૧૦/૧૬ કલાક ૧૦/૪૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટના પશ્ચીમ કિનારે એલીસબ્રીજ પાસે ઘાટ નં. ૮ પાસે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)